જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૦૯-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

સંકલ્પ ભારત,સશક્ત ભારતઃ ધારા ૩૭૦ અને રામ મંદિર નિર્માણ માટે કોશિશ કરાશે, ૩૫-એને હટાવવાનો પણ વાયદો

ભાજપનો સંકલ્પ પત્રઃ ખેડૂતો, વ્યાપારીઓ અને મધ્યમવર્ગને ૭૫ વાયદા





ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે આજે પોતાનો મેનિફેસ્ટો જાહેર કરી દીધો છે. ભાજપના આ મેનિફેસ્ટોને "સંકલ્પ પત્ર" નામ આપવામાં આવ્યું છે. જેમાં રામ મંદીર, ત્રાસવાદનો મજબૂતીથી સામનો કરવા અને આગામી ત્રણ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાના વચનોનો સમાવેશ થતો હતો.

રાષ્ટ્રવાદને પ્રાથમિકતા : આતંકવાદ વિરુદ્ધની કાર્યવાહી તેમજ દેશના સૈન્યને વધુ શક્તિશાળી બનાવવાના મુદ્દાને પ્રાથમિક આપતા ભાજપે પોતાના સંકલ્પ પત્રમાં સૈન્ય માટે હથિયારો ખરીદવામાં ઝડપ લાવવા તેમજ સૈન્યને આધુનિક બનાવવા પર ખાસ ભાર મૂક્યો છે. આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિને પક્ષ દ્વારા દોહરાવવામાં આવી છે. દેશમાં થતી ઘૂસણખોરીને અટકાવવા, દરિયાકિનારાઓને સુરક્ષિત બનાવવા તેમજ સિટીઝન અમેંડમેન્ટ બિલને લાગુ કરવાનું પણ ભાજપે વચન આપ્યું છે. આ ઉપરાંત, જવાનોને નિવૃત્તિના ત્રણ વર્ષ પહેલા સ્કીલ ટ્રેઈનિંગ, સોફ્ટ સ્કિલ્સ ટ્રેનિંગ, ઘર બનાવવા કે ધંધો કરવા નાણાકીય મદદ આપવાનો ઉલ્લેખ કર્યો છે.

કલમ ૩૭૦, ૩૫-એ હટાવાશે : પોતાના સંકલ્પ પત્રમાં ભાજપે જમ્મુ કાશ્મીરને સ્વાયત રાજ્યનો દરજ્જો આપતી કલમ ૩૭૦ને હટાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત, પક્ષે કાશ્મીરમાંથી કલમ ૩૫-એને દૂર કરવાની વાત પણ પોતાના સંકલ્પ પત્રમાં જણાવી છે. પક્ષે કાશ્મીરી પંડિતોનું પુનઃવસન કરવા, વેસ્ટ પાકિસ્તાનમાંથી આવતા રેફ્યુજી, પાકિસ્તાનના કબજામાં રહેલા કાશ્મીરથી આવતા રેફ્યુજીના પુનઃવસન માટે તેમને આર્થિક ટેકો આપવાનું પણ જણાવ્યું છે.

ખેડૂતો માટે મોટી જાહેરાતો : સરકારે હાલના બજેટમાં ૨ એકરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને બે-બે હજાર રુપિયાના ત્રણ હપ્તામાં વાર્ષિક છ હજાર રુપિયાની મદદ આપવાનું એલાન કર્યું હતું. જોકે, પોતાના મેનિફેસ્ટોમાં ભાજપે તમામ ખેડૂતોને આ યોજનામાં આવરી લેવાનું વચન આપ્યું છે. કૃષિ ક્ષેત્રમાં ૨૫ લાખ કરોડ રુપિયાના રોકાણ, વ્યાજ મુક્ત કિસાન ક્રેડિટ કાર્ડ લોન સિવાય ગુણવત્તાસભર બિયારણ, નાના અને સિમાંત ખેડૂતોને પેન્શન આપવાની વાત કરી છે.

૧૦૦ લાખ કરોડનું રોકાણ : દેશના અર્થતંત્રને ૨૦૨૫ સુધી ૫ ટ્રિલિયન ડોલર અને ૨૦૩૨ સુધીમાં ૧૦ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાની પ્રતિબદ્ધતા ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરામાં વ્યક્ત કરી છે. પક્ષ દ્વારા ટેક્સના દર ઘટાડી અને તેનો વ્યાપ વધારવાની વાત કરી છે. જીએસટીમાં સરળીકરણને ચાલુ રાખવાનું પણ પક્ષે જણાવ્યું છે. ૨૦૨૪ સુધીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ૧૦૦ લાખ કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. બેંકિંગ સિસ્ટમને સ્વચ્છ બનાવી ફુગાવાને ૪ ટકાની આસપાસ રાખવાનો પણ ભાજપે ઉલ્લેખ કર્યો છે. દેશને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની નેમ પણ ભાજપે પોતાના ઘોષણા પત્રમાં વ્યક્ત કરી છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર : પોતાના

અનુસંધાન પાના નં. 3

જૂઠ્ઠુ બોલવાની કોમ્પિટિશન થાય તો પહેલુ ઈનામ મોદીને મળે

નરેન્દ્ર મોદીનું મોઢું ટેપ મારીને બંધ કરી દેવુ જોઈએઃ મમતા બેનર્જી

કોલકાત્તા

પ્રશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ એક ચૂંટણી સભામાં પીએમ મોદી પર કથિત રૂપે વાંધાજનક ટિપ્પણી કરી છે. સોમવારે તેમણે એક રેલી સંબોધિત કરતા જણાવ્યુ કે, ''મોદીને સત્તા અને રાજકારણમાંથી બહાર કરવા જોઈએ અને તેમના મોઢાને ટેપથી બંધ કરી દેવુ જોઈએ.

મમતાએ એક રેલીમાં કહ્યુ કે, મોદી પાસે ખેડૂતો અને મધ્યમ વર્ગની સમસ્યાઓ પર ધ્યાન આપવાનો સમય નહોતો, કારણ કે પોતાના પાંચ વર્ષના કાર્યકાળમાં સાડા ચાર વર્ષ તો તેઓ દુનિયામાં ફરવામાં જ વ્યસ્ત રહ્યા. જ્યારે ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે મોદી દરેકને ડરાવી-ધમકાવી રહ્યા છે અને જૂઠ્ઠુ બોલી રહ્યા છે. જો જુઠ્ઠુ બોલવાની કોમ્પિટિશન થાય તો તેમાં પહેલુ ઈનામ મોદીને મળે. પશ્ચિમ બંગાળના સીએમે કહ્યું હતું કે, ''આ ચૂંટણીમાં લોકો મોદીના મોઢા પર ટેપ ચોંટાડી દેશે, જેથી તેઓ જૂઠ્ઠું ના બોલી શકે. દેશને ખાતર તેમણે ન માત્ર પ્રધાનમંત્રી મોદીએ એવી ટિપ્પણી કરી હતી કે મમતા અને ટીએમસી મોદીના ભયનની માનસિકતાથી પીડિત છે, તેના પર પલટવાર કરતા મમતાએ ચેતવણી આપતા કહ્યુ હતુ કે, તેમને ધમકાવાય નહી અને આમ કરવુ સૌથી મોટી ભૂલ હશે. મમતાએ કહ્યું હતું કે ,પાંચ વર્ષ દરમિયાન સાડા ચાર વર્ષ મોદી દુનિયામાં ફરતા હતા. જ્યારે દેશના ખેડૂતો આપઘાત કરી રહ્યા હતા ત્યારે તેઓ શુ કરતા હતા? જ્યારે નોટબંધીથી લોકો મરી રહ્યા હતા, કરોડો લોકોએ પોતાની નોકરીઓ ગુમાવી ત્યારે તેઓ શું કરતા હતા?

રાષ્ટ્રવાદ અમારી પ્રેરણા છે, અંત્યોદય અમારું દર્શન છે અને સુશાસન અમારો મંત્ર છે

આ સંકલ્પ પત્ર સુશાસન પત્ર,રાષ્ટ્રની સુરક્ષાનો પત્ર છેઃ વડાપ્રધાન મોદી

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પક્ષે સોમવારે પોતાનો ચૂંટણી ઢંઢેરો (મેનિફેસ્ટો) જારી કર્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે અલગ જળ મંત્રાલય બનશે. માછીમારો માટે અલગ મંત્રાલયની વાત કરી છે. જળ શક્તિ મંત્રાલય બનાવીશું. નદીઓનાં જળનું વધુમાં વધુ ઉપયોગ કેવી રીતે થાય? તે માટે કાર્યરત્ રહેશે. માતા-બહેનોના જળનાં સંકટમાંથી મુક્તિ અપાવવાનું કાર્ય કરીશું. નળમાંથી પાણી આવે તે માટેનો પ્રયાસ થશે. પાણી એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે આ સંકલ્પ પત્ર સુશાસન પત્ર છે, આ સંકલ્પ પત્ર રાષ્ટ્રની સુરક્ષાનો પત્ર છે, આ સંકલ્પ પત્ર રાષ્ટ્રની સમૃદ્ધિનો પત્ર છે. ૨૦૪૭માં ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય તે પહેલાં ભારત વિકાસશીલમાંથી વિકસિત દેશ કેવી રીતે બને? તે માટેનો પ્રયાસ રહેવો જોઈએ. આ માટેનો પાયો ૨૦૧૯થી ૨૦૨૪માં ઘડાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ગરીબીથી લડવું હોય તો દિલ્હીના એરકન્ડિશનમાં બેસીને કાર્ય થશે નહીં. આ વાત અમને પણ લાગુ પડે છે. ગરીબ જ ગરીબીને દૂર કરી શકે છે, માટે ગરીબ સશક્તિકરણ માટે કાર્ય થશે. એ માટે જ ગરીબોને પોતાનું મકાન મળે તે માટેનો પ્રયાસ થયો છે. ૫૦ લાખ સીનિયર સિટીઝન્સે રેલવે દ્વારા રિઝર્વેશનમાં જે મુક્તિ મળે છે, તે લેવાનું છોડી દીધું છે. લાખો લોકોએ સ્વેચ્છાથી ગેસ સબસીડી છોડી દીધી છે. આપણે ઈમાનદારીની પ્રતિષ્ઠા વધારીએ અને ભ્રષ્ટાચારથી મુક્તિની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. વડાપ્રધાન મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં જ કહ્યું હતું કે, મારી અગાઉ જેટલા પણ વક્તાઓએ જે પણ જાહેરાતો કરી તેના પર હું હસ્તાક્ષર કરું છું. સંકલ્પ પત્રમાં જનતાના મનની વાત કરવામાં આવી છે. રાષ્ટ્રવાદ અમારી પ્રેરણા છે, અંત્યોદય અમારું દર્શન છે અને સુશાસન અમારો મંત્ર છે. વન મિશન, વન ડાયરેક્શન : અમે દેશને સમૃદ્ધ બનાવવા માટે સામાન્ય લોકોના સશક્તિકરણ માટે લોકતાંત્રિક મૂલ્યોને મજબૂત કરવાના મંત્ર સાથે આગળ વધી રહ્યા છે. કોઈ પણ સરકાર સાથે અમારા વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯ સુધીના કામની સરખામણી કરો. અમારા સપનાઓને સાકાર કરવાના સપનાને લઈને અમે આગળ વધી રહ્યા છે. મોદીએ કહ્યું કે, રાજકીય વ્યવસ્થા, ખાસ કરીને શાસકીય વ્યવસ્થામાં જે ખામીઓ આવી ગઈ છે તેના પર નીતિઓ બનાવીને તેને સુધારવાનું કાર્ય કરવાનો અમે સંકલ્પ લીધો છે. ગામડાઓ, ગરીબો અને ખેડૂતો અમારા કેન્દ્રમાં છે. દેશના નવયુવાનો આવનારા પાંચ વર્ષમાં ૨૦૪૭નું ભવિષ્ય નક્કી કરવાના છે.

ભાજપ નેતાએ પોલીસ ફરિયાદ કરતાં અભિનેત્રીએ આપ્યો જવાબ

ભાજપની વિચારધારાઓ સામે અવાજ ઉઠાવવો એક મોટો ગુનોઃ ઉર્મિલા માતોડકર

મુંબઈ

કોંગ્રેસ પાર્ટીનો હાથ થામનાર અભિનેત્રી ઉર્મિલા માતોંડકર પર ભાજપે નિશાન સાધ્યુ છે. ભાજપ નેતાએ હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો અને ઉર્મિલા માતોંડકર વિરુદ્ધ પવઈ પોલીસ સ્ટેશનમાં આપરાધિક ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં હવે ઉર્મિલા માતોંડકરે જવાબ આપ્યો છે.

ઉર્મિલાએ કહ્યું કે 'મારા વિરૂદ્ધ જે ફરિયાદ નોંધવામાં આવી છે તે એકદમ નિરાધાર છે. આ ખોટા નિવેદનનો કેસ છે અને જેમણે મારા વિરુદ્ધ આ ફરિયાદ દાખલ કરી છે તેઓ ભાજપના સભ્ય છે અને તેમના ઈરાદા ઠીક નથી. મેં મારા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ભાજપ દ્વારા હિન્દુ ધર્મના નામ પર જે બોગસ, વહેંચણી કરનાર અને હિંસક વિચારધારા ફેલાવવામાં આવી રહી છે તેનાથી આપણો મહાન હિન્દુ ધર્મ બદનામ થઈ રહ્યું છે. હિંદુ ધર્મ શાંતિ અને અહિંસાનો ધર્મ છે. હું તે હિંદુ ધર્મમાં વિશ્વાસ કરું છું જે વાસુદેવ કુટુમ્બકમ અને અહિંસ પરમોધર્મમાં માને છે.

તેણે આગળ જણાવ્યું કે 'આ તે ધર્મ છે જેને આપણા મહાન લોકમાન્ય તિલક, ગાંધીજી, વિવેકાનંદ અને સરદાર પટેલ જેવા લોકોએ પ્રમોટ કર્યો છે. હું આ પ્રકારના હિન્દુ ધર્મમાં વિશ્વાસ કરું છું અને તે પ્રકારનાં ધર્મમાં નહીં જેને ભાજપ ફેલાવવાનું કામ કરી રહ્યું છે. દુર્ભાગ્યપણે આજના સમયમાં ભાજપની વિચારધારા સામે અવાજ ઉઠાવવો અને સાચું બોલવું એ એવું બની ગયું છે કે જેમ કે તમે કોઈ ભૂલ કરી રહ્યા છો.





ભુજ બી ડિવિઝન પોલીસે લુંટના ગુનાના આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડીને ભેદ ઉકેલ્યો



ભુજ કચ્છ: નાયબ પોલીસ અધિક્ષક જે.એન.પંચાલ નાઓએ અનડીટેકટ ગુનાઓ સત્વરે ડીટેકટ કરવા સુચના કરેલી જે અન્વયે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન. ૬૪/૧૯ ઈ.પી.કો કલમ ૩૯૨, ૩૯૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુનો ગઈ તા. ૬/૪/૧૯ ના ક. ૧૮/૩૦ વાગે ભુજીયા રીંગ પાસે બનવા પામેલ.જેમાં ફરીયાદીને સાંજના સમયે અજાણયા આરોપીઓએ છરી બતાવી રોકડા રૂ. ૩૦૦૦/-ની લુંટ કરી ઈજાઓ પહોંચાડેલ હતી. જે સબબ ફરીયાદ અત્રે પોલીસ સ્ટેશન દાખલ થયેલ.જે ગુનાની તપાસ ઈ.પોલીસ ઈન્સપેકટર એ.એન. પ્રજાપતિ નાઓ કરતા હોય જે ગુનાની ગંભીરતા સમજી તાત્કાલીક ફરીયાદીની યુકિત પ્રયુકિતથી પુછપરછ કરી આરોપીઓના વર્ણન તથા ઉંમર મેળવી ડીસ્ટાફના એ.એસ.આઈ. જયદિપ સિંહ તથા પો.કો. પરમવીરસિંહ, ધર્મેન્દ્રસિંહ, અનિરૂધ્ધસિંહ વિગેરેના સ્ટાફને બાતમીદારથી બાતમી મળેલ કે લુંટના વર્ણન તથા ઉંમર વાળા આરોપીઓ કેમ્પ વિસ્તારના છે. જેથી તેઓની બાતમી મેળવી આરોપી ૧) મુસ્તાક ભીખાભાઈ મીર ૨) કાસમ સીકંદર સૈયદ તથા ૩) કાયદા ના સંર્ઘસમાં આવેલ કિશોર ત્રણેય રહે,ભુજ નાઓને પોલીસ સ્ટેશન લાવી પુછપરછ કરતા પોતે લુંટનો ગુનો કરેલાની કબુલાત કરેલ.

સદરહું આરોપીઓના ગુનાહિત ઈતિહાસની ચકાસણી કરતા

(૧) ગાંધીધામ એ ડીવીજન ફ. ૧૦/૨૦૧૭ ઈ.પી.કો કલમ ૩૦૨ મુજબનાકામે મુસ્તાક મીર અગાઉ ગાંધીધામ બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં મર્ડર ના ગુનામાં પકડાયેલ છે. (૨) ગાંધીધામ એ ડીવીજન ફ.૩૯/૧૯ ઈ.પી.કો કલમ ૩૨૬, ૩૨૫, ૧૧૪ વિગેર મુજબના કામમાં નાસતો ફરતો હોવાની હકીકત ખુલવા પામી છે. (૩) ગાંધીધામ એ ડીવીજન ફ.૭૧/૧૮ (૪) ગાંધીધામ એ ડીવીજન ફ.૭૨/૧૮ આમ, બી ડીવીઝન પોલીસની સર્તકતાથી લુંટનો ગંભીરના ગુનાના આરોપીને ગણતરીના કલાકોમાં ધરપકડ કરવા સફળતા મળેલ છે.

ભુજમાં ૨૪ કલાક નિઃશુલ્ક રકત પહોંચાડવા તત્પર સેવાભાવી ગ્રુપઃ લકીરાજ ગ્રુપ

રક્તદાન એજ મહાદાન : રક્તદાન એજ માનવ સેવા

ભુજઃ લકિરાજ ગ્રુપ-ભુજ દ્વારા નિઃસ્વાર્થ ભાવે જાહેરમાં રક્તદાનની ઉમદા સેવા ચાલી રહ્યા છે.આ અંગે જંગ એ ગુજરાત સાથે વાતચીતમાં યુવા કાર્યકર લકીરાજસિંહ સોઢાએ જણાવ્યું કે, નાત-જાતના ભેદભાવ વિના,ઓળખીતા હોય કે ન હોય,તમામ દર્દીઓ માટે ભુજની કોઇ પણ હોસ્પિટલમાં રકત પહોંચાડવાની ૨૪ કલાક તત્પર રહેતું એવું ગ્રુપ એટલે લકિરાજ ગ્રુપ.

આ ગ્રુપ દ્વારા ૨૪ કલાક ગમે ત્યારે જરૂરતમંદના એક ફોનથી ત્વરિત જ રકતદાતા સ્થળ પર પહોંચી જાય છે.ઇમરજન્સીના સમયમાં બહાર ગામ પણ રકતની વ્યવસ્થા કરી આપતા હોવાનું લકિરાજ સોઢાએ વધુમાં ઉમેર્યું હતું. ગમે તે સમયે રકતની જરૂર જણાય તો આ ગ્રુપના સંપર્ક સૂત્ર લકીરાજ સોઢા ૯૯૭૯૩ ૬૧૦૦૩, યશ જોગી ૯૬૬૨૮ ૮૦૭૦૪,ભરત મારવાડા ૯૫૩૭૬૫૪૭૯૩ ઉપર મુજબના નંબર જાણ કરવા આ ગ્રુપ દ્વારા વિનતી કરવામાં આવી છે.

જીએસટી ચોરી કોભાંડ : એસઓજી ટીમે વધુ ચાર આરોપીને ઝડપ્યા



આઠ આરોપીના રિમાન્ડ આજે પૂર્ણ

મોરબીમાં કરોડોના જીએસટી ચોરી કોભાંડમાં એસઓજી ટીમે અગાઉ આઠ આરોપીને ઝડપી લઈને રિમાન્ડ પર લીધા બાદ વધુ ચાર આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે જે ઝડપાયેલા આરોપીને રિમાન્ડની માંગણી સાથે રજુ કરાશે. રાજ્ય વેરા અધકારી દ્વારા પોલીસમાં ૧૭ કરોડથી વધુની જીએસટી ચોરીની નોંધાવેલી ફરિયાદ બાદ બોગસ સિરામિક કંપની ઉભી કરી કરોડોની ચોરી કરનાર આરોપીને ઝડપી લેવા જીલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ જે એમ આલની ટીમે તપાસ ચલાવી હતી જેમાં આઠ આરોપીને ઝડપી લઈને કોર્ટમાં રજુ કરતા સોમવાર સુધીના રિમાન્ડ પર સોપવામાં આવ્યા હતા રિમાન્ડ દરમિયાન આરોપીના ઘરની જડતી કરી કોમ્પ્યુટર અને લેપટોપ કબજે લેવાયા છે

તો કરોડોના જીએસટી ચોરી કોભાંડમાં એસઓજી ટીમે વધુ ચાર આરોપીને ઝડપ્યા છે જેમાં મયુર ચતુરભાઈ ઉધરેજા રાવળદેવ (ઉ.વ.૨૭) રહે શનાળા રોડ મોરબી, રવિ પટેલ (ઉ.વ.૨૯) રહે રવાપર રોડ મોરબી, રાકેશ પોપટભાઈ ભાટિયા (ઉ.વ.૩૧) રહે ઓમ પાર્ક રવાપર રોડ મોરબી અને હીરેન્દ્ર ઉર્ફે હિરેન દિનેશભાઈ સાણંદીયા (ઉ.વ.૨૮) રહે વેલકમ પાર્ટી પ્લોટ નજીક મોરબી એમ ચાર આરોપીને ઝડપી લઈને રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે.

હળવદ ધાંગધ્રા ચોસઠ વિધાનસભા પેટા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરાયા



કોંગ્રેસના ઉમેદવાર દિનેશભાઈ પટેલે આજથી હળવદમાં પ્રચારનો કર્યો પ્રારંભ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિત પાલીકાના સભ્યો અને કાર્યકરો બહોળી સંખ્યામાં રહ્યા હાજર : દિનેશભાઈને જંગી લીડથી જીતાડવા કર્યું આહવાન

હળવદ-ધ્રાંગધ્રા ૬૪ વિધાનસભાની પેટા ચૂંટણીના બ્યુંગલ ફુંકાઈ ગયા છે ત્યારે હળવદ ખાતે આજરોજ કોંગ્રેસ પક્ષના ઉમેદવારની અધ્યક્ષસ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હળવદ કોંગ્રેસ સમિતિના હોદેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

હળવદ - ધ્રાંગધ્રાની ખાલી પડેલ વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે આજરોજ હળવદ બ્રાહ્મણની ભોજનશાળા ખાતે હળવદ - ધ્રાંગધ્રા ૬૪ વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર દિનેશભાઈ પટેલની અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા. આ તકે દિનેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં આયાતી ઉમેદવાર હોવા છતાં પણ કોંગ્રેસના કાર્યકરો દ્વારા જંગી લીડથી જીતાડી ધારાસભ્ય બનાવ્યા હતા. પરંતુ પોતાના અગંત સ્વાર્થ સાધવા કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું દઈ ભાજપમાં જાડાઈ જઈ હળવદ - ધ્રાંગધ્રાની પેટા ચુંટણીમાં ભાજપ પક્ષ તરફથી ઉમેદવાર બન્યા છે. પરંતુ હળવદ - ધ્રાંગધ્રાની પ્રજા સાથે સાબરીયાએ જે દ્રોહ કર્યો છે તે જનતા સાંખી નહીં લે અને ૨૩ એપ્રિલના રોજ જનતા પોતાની તાકાત બતાવી દેશે તેમ કોંગ્રેસના ઉમેદવારે જણાવ્યું હતું. આ તકે ધ્રાંગધ્રા પટેલ સમાજના અગ્રણી જયેશભાઈ પટેલ, ઠાકોર સમાજના અગ્રણી સનતભાઈ ડાભી, હળવદ કોંગ્રેસ પ્રમુખ જયંતિભાઈ પટેલ, મોરબી જિલ્લા કોંગ્રેસ મહામંત્રી ભીખાભાઈ પટેલ, કોંગ્રેસ યુવા અગ્રણી ત્રિશાલભાઈ પટેલ, દલવાડી સમાજના અગ્રણી સુંદરભાઈ રાઘુભાઈ, આહિર સમાજના અગ્રણી પ્રભાતભાઈ, માલધારી સમાજના અગ્રણી વેલાભાઈ ભરવાડ, મોરબી જિલ્લા પંચાયત સદસ્ય મનસુખભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ એરવડીયા, વાસુદેવભાઈ પટેલ, યુથ કોંગ્રેસ પ્રમુખ અનિરૂધ્ધસિંહ ખેર, હળવદ દલિત સમાજના અગ્રણી દિનેશભાઈ મકવાણા, ભીખાભાઈ, ગુલાબભાઈ, ચંદુભા, મનસુખભાઈ પ્રજાપતિ, ડો.અનિલ પટેલ, ભૂપતભાઈ ઠાકોર, ઓધાભાઈ ઠાકોર તેમજ હળવદ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના તેમજ પાલીકાના સદસ્યો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

રાણપુરમાં લિંબડી રોડ ઉપર આવેલ જાગતી મેલડીમાંના મંદીર ના ૧૪ માં પાટોત્સવ પ્રસંગે નવરંગો માંડવો યોજાયો



હજજારોની સંખ્યામાં માતાજી ના ભક્તો માંના દર્શન કરવા ઉમટી પડ્યા હતા

બોટાદ જીલ્લાના રાણપુર પાસે આવેલ લિંબડી રોડ ઉપર જાગતી માં મેલડી માતાજીના ૧૪ માં પાટોત્સવ પ્રસંગે માતાજી નો નવરંગો માંડવો યોજાયો હતો રાણપુર થી ત્રણ કીલોમીટર દુર લિંબડી રોડ ઉપર આવેલ જાગતી મેલડી માં ભક્તો ના દરેક દુખ દુર કરે છે અહી દર રવિવારે મોટી સંખ્યા માં ભક્તો માં ના દર્શન કરવા આવે છે.ભીખાભાઈ મકનભાઈ મકવાણા (સરણવાળા બોટાદ) અને માતાજીના સેવક કાંતાબેન ભીખાભાઈ મકવાણા છેલ્લા ચૌદ વર્ષથી જાગતી મેલડી માંની સેવા કરે છે ત્યારે જાગતી મેલડી માંના મંદીરે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પરંપરાગત ૧૪ મો ભવ્ય પાટોત્સવ અને માતાજી નો નવરંગો માંડવો યોજાયો હતો. આ પ્રસંગે માતાજી ના સેવક ભીખાભાઈ સરેણવાળા ને ૧૪ માં પાટોત્સવ નિમિત્તે પુછતા ભાવવિભોર થઈ ગયા હતા.આ પાટોત્સવ માં દુર દુર થી હજારો ની સંખ્યા માં ભક્તો આ નવરંગા માંડવામાં માતાજી ના દર્શન કરવા ઉમટી પડ્યા હતા.આવેલ તમામ ભકતો માટે મહાપ્રસાદ નુ પણ આયોજન કરવામાં આવ્ય હતુ.જયારે રાત્રે ભવ્ય ડાકડમરૂ નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધારપીપળા ના સુપ્રસિધ્ધ કલાકાર પ્રવિણભાઈ રાવળ અને દક્ષાબેન રાવળ તથા સાથી કલાકારો દ્વારા મોડી રાત સુધી માતાજીના ગુણગાન ગાયા હતા જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમમાં જાગતી મેલડી માં સેવક સમુદાય દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

મોરબીમાં અબોલ પશુઓ સાથે હેવાનિયત, બે શ્વાનોને જવલ્લંત પદાર્થ છાંટી સળગાવ્યા

અબોલ પશુના મોતથી જીવદયાપ્રેમીઓમાં રોષ



આજનો માનવી પશુઓ કરતા પણ વધુ ક્રૂર બની ગયો છે તેવા કિસ્સાઓ સામે આવતા રહે છે આવો જ કિસ્સો તાજેતરમાં મોરબીમાં બન્યો છે જેમાં મહેન્દ્રપરા ચોક પાસે અજાણ્યા ઈસમોએ બે શ્વાનોને સળગાવી દીધા હોય જેમાં બંનેના મોત થયા હતા

મોરબીના મહેન્દ્રપરામાં અજાણ્યા ઈસમો દ્વારા રાક્ષસી કૃત્ય આચરવામાં આવ્યું છે જેમાં બે શ્વાનોને કોઈ ઈસમોએ પેટ્રોલ જેવો પદાર્થ ફેંકી જીવતા સળગાવ્યા હતા જેને પગલે એક શ્વાનનું તુરંત મોત થયું હતું અન્ય શ્વાન સળગતું હોય જેને સ્થાનિકોએ આગ બુઝાવી બાદમાં ગંભીર રીતે દાઝેલા શ્વાનને સેવાભાવી સંસ્થામાં મોકલ્યું હતું જોકે બીજા શ્વાનને પણ બચાવી સકાયું ના હતું અને તેનું પણ મોત થયું છે મોરબીમાં અબોલ પશુ પ્રત્યે હેવાનિયતના કિસ્સાથી ચકચાર મચી છે અને સૌ કોઈ આ રાક્ષસી કૃત્ય કરનાર પર ફિટકાર વરસાવી રહ્યા છે.

હળવદના ચરાડવા ગામે રહેણાંક મકાનમાં સટ્ટો રમતા એક ઝડપાયો

હળવદના ચરાડવા ગામે રહેણાંક મકાનમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એકને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી વિગત મુજબ હળવદના ચરાડવા ગામે રહેતા વિજય ચુનીલાલ જોબનપુત્રાના મકાનમાં આઇપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાતો હોવાની બાતમીના આધારે હળવદ પોલીસે દરોડો પાડ્તા સટ્ટો રમી રહેલ વિજય ચુનીલાલ જોબનપુત્રાને મોબાઈલ નંગ-૬ કીમત રૂ.૪૫૦૦ , રોકડ રકમ રૂ.૫૦૦૦, તોસીબા કંપનીનું ટીવી કીમત રૂ.૧૦૦૦૦ અને જીટીપીએલ સેટઅપ બોક્ષ કીમત રૂ.૧૦૦૦ મળી કુલ કીમત રૂ.૨૦૫૦૦ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે તો જગદીશભાઈ વલમજીભાઈ માકાસણા, મનીષ દરજી ઉર્ફે શ્રીજી અને ટેમી પટેલના નામો ખુલતા હળવદ પોલીસે આ ત્રણેય આરોપીઓને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરી છે.

૭૦ ફૂટ ઊંડા કૂવામાં કાર ખાબકતા ૩ના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં

સુરેન્દ્રનગર

ચોટીલા હાઈવે પર મોલડી ગામ પાસે રવિવારે સાંજે વિચિત્ર તેમજ ફિલ્મી ઢબે એક્સિડન્ટ સર્જાયો હતો. રાજકોટથી તરફથી ચોટીલા આવતી કાર હાઈવે પાસેના ૭૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકી હતી. કારમાં બેસેલા ત્રણ યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, રવિવારે સાંજે નાની મોલડીના રહેવાસી ત્રણ મિત્રો ગિરીશ ખાવડુ, સુનીલ જોશી અને હરેશ મારુ કારમાં ગામ તરફ આવી રહ્યા હતા, ત્યારે મોલડી હાઈવે પર વાડીમાં આવેલા ૭૦ ફૂટ ઊંડા કૂવામાં તેમની કાર ખાબકી હતી. આ બાબતની જાણ થતા જ ગામલોકો તરત એકઠા થયા હતા. ક્રેનની મદદ કાર બહાર કાઢવામાં આવી હતી. જોકે, આ સમગ્ર પ્રોસેસમાં બે કલાક બાદ કાર બહાર કાઢી શકાઈ હતી, પણ ત્રણેય યુવકોનો કૂવામાં જ જીવ ગયો હતો. તપાસ કરતા, કૂવાનું પાણી શરીરમાં જવાથી ત્રણેયનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. તપાસ કરતા, તેમની કારનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો હતો અને કાર કૂવામાં ખાબકી હતી. ઘટનાના પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા, તો ટ્રાફિક જામના પણ દ્રશ્યો સર્જાયા હતા. મોડી સાંજે ત્રણેય યુવકોની ડેડબોડી કૂવામાંથી બહાર કઢાતા કરુણ દ્રશ્યો સર્જાયા હતા. તો મોલડી ગામમાં દુખની લાગણી ફેલાઈ ગઈ હતી.

૨૦૧૩ ના વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એલ.સી.બી બોટાદ, રાણપુર પોલીસ તથા બી.ડી.ડી.એસ બોટાદ ની ટીમ



મુખ્ય પોલીસ અધિકારી અને પોલીસ મહાનિદેશક ગુજરાત રાજય, ગાંધીનગરની નાસતા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ ચાલુ હોય અને અશોક કુમાર, નાયબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ, ભાવનગરની સુચના તથા બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં તા.૭/૪/૧૯ ના ક.૨૩/૦૦ થી તા.૮/૪/૧૯ ના ક.૩/૦૦ સુધી કોમ્બીગ નાઇટનું આયોજન કરવામાં આવેલ હતું જે અનુસંધાને વિભાગીય પોલીસ અધિકારી રાજદીપસિંહ નકુમના માર્ગદર્શન હેઠળ સને-૨૦૧૩ ના વર્ષથી રાણપુર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૬૬/૨૦૧૩ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એઇ મુજબના ગુનાનો નાસતો ફરતો આરોપી અર્પણકુમાર કાન્તીલાલ ઉર્ફે શાંતિલાલ ગેહલોત (માળી) ઉ.વ.૨૬ રહે.ડીસા (નવા), વિરેનપાર્ક સોસાયટી, શ્યામ બંગ્લોઝ પાછળ,ભાગ-૧, શેરી નં.૨ તા.ડીસા જી.બનાસકાંઠા વાળાને ડીસા ખાતેથી રાણપુર પોલીસ તથા એલ.સી.બી બોટાદ ના પોલીસ ઇન્સ્પેકટર એચ.આર.ગોસ્વામીની રાહબરી હેઠળ એલ.સી.બી.ના પો.કો. તરૂણભાઇ દાદુભાઇ તથા બી.ડી.ડી.એસ બોટાદ ના પો.સબ.ઇન્સ. એ.જે. જાડેજાની ટીમ દ્વારા સંયુક્ત રીતે મળીને ઉપરોક્ત આરોપીને પૂછ પરછ સારૂ રાણપુર પોલીસ સ્ટેશન લાવી ઉપરોક્ત ટીમ તથા રાણપુર પોલીસ સ્ટેશન ના પો.સબ.ઇન્સ.એમ.જે.સાગઠીયા દ્વારા પૂછ પરછ કરતા આરોપીએ પોતે પોતાની ગુનાની કબુલાત કરતા કોમ્બીગ નાઇટ દરમ્યાન તા.૮/૪/૧૯ ના ક.૦૦/૩૦ વાગે આરોપીને ધોરણસર રીતે અટક કરી આગળની તપાસ રાણપુર પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

ગોલવાડ લીમડા શેરીમાં પોલીસનો છાપો : સાત જુગારીઓ ઝડપાયા

ક્રાઈમ બ્રાન્ચ પોલીસે મેચ પર જુગાર રમતા બેને પકડી પાડ્યા

સુરત

શહેરમાં જુગારધારા અન્વયે બે કેસો થયા હતા. જેમા ડીસીબી પોલીસે આઈપીએલ મેચ ઉપર સટ્ટો રમાડતા બે જણાંની ધરપકડ કરી હતી. પોલીસે । બંને કેસમાં સાત જણાની ધરપકડ કરી કુલ રૂા.૭૦,૬૭૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ડીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે અમરોલી સુદામા ચોક પાસે ગંગોત્રી એપાર્ટમેન્ટ ફ્લેટ નં.બી ૧/૧૦૩માં દરોડા પાડ્યા હતા. આરોપી જયેશ હિમ્મત ડોબરીયા, રાજેશ ધીરૂ પટેલની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ આઈપીએલ મેચ ઉપર જુગાર રમાડતા હતા. ડીસીબી પોલીસે ઈલેક્ટ્રોનિક સાધનો, છ મોબાઈલ ફોન, રોકડા રૂા.૨૦૦૦૦ મળી કુલ રૂા.૫૮૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે મહિધરપુરા પોલીસે ગોલવાડ લીંમડી શેરીમાં જુગાર રમતા કરણ કાયસ્થ, ભાવેશ રાણા, વિષ્ણુ સંજય, નરેશ જરીવાળા, ધર્મેશ જરીવાળાની ધરપકડ કરી રોકડા રૂા.૧૨૬૭૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દિવ્યાંગો સુગમ્ય રીતે મતદાન કરી શકે તેવુ આયોજન ગોઠવાયું : બી.કે. કુમાર

દિવ્યાંગ મતદારો માટેના સ્પે. ઓબ્ઝર્વરે બેઠક યોજી

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં વધુમાં વધુ દિવ્યાંગ મતદારો સુગમ્ય રીતે મતદાન કરી શકે તે માટે ચુંટણી પંચ દ્વારા નિયુકત કરવામાં આવેલા દિવ્યાંગ મતદારો માટેના સ્પેશ્યલ ઓબ્ઝર્વરશ્રી બી.કે. કુમારના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લાની ૧૬ વિધાનસભાના આસીસ્ટન્ટ રીટર્નિગ ઓફિસરો સાથે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં બી.કે.કુમારે જણાવ્યું હતું કે, લોકસભાની સામાન્ય ચુંટણીમાં દિવ્યાંગ મતદારોને કોઈ પણ સમસ્યા વિના વધુમાં વધુ મતદાન કરી શકે તે માટે ચુંટણી પંચ દ્વારા સ્પષ્ટ ગાઈડ લાઈન આપવામાં આવી છે. દિવ્યાંગ મતદારો મતદાન સમયે લાઈનમાં ઉભા ન રાખતા સીધુ મતદાન કરી શકે તેમજ તેઓની કોઈ પણ મુશ્કેલી ન પડે તે અંગેની તકેદારી લેવા ચુંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીઓ ધ્યાન આપે તે જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું. આ ઉપરાંત દિવ્યાંગ મતદારોને માંગણી અનુસાર વ્હીલચેર અને સહાયક પુરા પાડવા તથા અન્ય સુવિધાઓ સંબંધે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સુરત જિલ્લામાં કુલ ૫૫૦૦ દિવ્યાંગ મતદારો પૈકી માંગણી કરવામાં આવી હોય તેવા ૧૯૫ દિવ્યાંગોને વ્હીલચેર તથા ૩૧૭ દિવ્યાંગ મતદારોને સહાયક પુરા પાડવામાં આવશે. આ ઉપરાંત દરેક વિધાનસભાદીઠ એક-એક દિવ્યાંગ મતદાન મથક પણ ઉભુ કરવામાં આવશે. બેઠકમાં જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.ધવલ પટેલ, નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી સી.પી.પટેલ, આર.આર.બોરડ તથા વિધાનસભામાં નિયુકત કરવામાં આવેલા એ.આર.ઓ. ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ શ્રી બી.કે.કુમારે ઉમરા ખાતે આવેલી ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા અને દિવ્યાંગ મતદાન મથકોની મુલાકાત લઈ દિવ્યાગો માટેની વેસ્ટર્ન ટોયલેટ તેમજ અન્ય સુવિધાઓની જાત ચકાસણી કરી જરૂરી સૂચનો કર્યા હતા.

સંકલ્પ પત્ર જૂઠ્ઠનો ફૂગ્ગો,મોદીજી જુમલાઓની ખેતી કરે છે

ભાજપે મેનિફેસ્ટો નહી માફીપત્ર બહાર પાડવુ જોઈએ: કોંગ્રેસ

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી માટે આજે બહાર પાડવામાં આવેલા ભાજપના મેનિફેસ્ટોને કોંગ્રેસે જુઠ્ઠાણાનો ગુબ્બારો ગણાવ્યો છે.

કોંગ્રેસના નેતા અહેમદ પટેલે કહ્યુ હતુ કે, ભાજપના મેનિફેસ્ટોમાં દેશ અૂને પાર્ટીની કોઈ વાત જ નથી માત્ર મોદીની જ વાત છે.તેમાં માત્ર હું અને હુંનો અહંકાર સામેલ છે.એક તરફ અમારા મેનિફેસ્ટોના પહેલા પાને દેશની જનતાની તસવીર છે તો ભાજપના મેનિફેસ્ટો પર માત્ર મોદીની તસવીર છે

તેમણે કહ્યુ હતુ કે, આ મેનિફેસ્ટો નહી પણ જુઠ્ઠાણાનો ગુબ્બારો છે.આના કરતા તો ભાજપે માફીપત્ર બહાર પાડ્યો હોત તો સારુ હોત.૨૦૧૪માં જે વાયદા ભાજપે કર્યા હતા તેનુ શું થયુ તેનો તો હિસાબ ભાજપ આપે.બેરોજગારી, કાળા નાણા અંગે ભાજપે કરેલા વાયદાનો હિસાબ પહેલા આપે.

કોંગ્રેસ પ્રવક્તા સૂરજેવાલાએ કહ્યુ હતુ કે,૨૦૧૪માં ભાજપે જે ૧૨૫ વાયદા કર્યા હતા તેનુ શુ થયુ?

સુરજેવાલાએ કહ્યું કે, સેનાની મજબૂતીનો વાયદો હતો પરંતુ સેનાના શૌર્યનો રાજકીય ઉપયોગ કર્યો પરંતુ ભારતીય સેના અને સૈનિક મોદીજીના અત્યાચારના શિકાર બન્યા. સુરજેવાલાએ કહ્યું કે મોદી સરકારે દર વર્ષે ૨ કરોડ રોજગારનો વાયદો કર્યો હતો. એટલે કે પાંચ વર્ષમાં દસ કરોડ પરંતુ તેનાથી ઉલટું ૪ કરોડ ૭૦ લાખ નોકરીઓ જતી રહી.

બીજા પુરુષ સાથે સંબંધનો આક્ષેપ કરી પતિએ પત્નીને માર ફટકાર્યો

સુરત

બીજા પુરૂષો સાથે સંબંધ હોવાનો વહેમ રાખી પતિએ મારઝૂડ કરી સાસુ અને દિયરે દહેજ બાબતે ત્રાસ ગુજારાતા પરિણીતાએ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ કુબેરપાર્ક સોસાયટીમાં રહેતા પરિણીતાએ આરોપી પતિ રાજેશ ખીમજી બથગવાર, સાસુ ગૌરીબેન ખીમજીભાઈ, દિયર જયેશ ખીમજીભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદી ને દહેજ અંગે શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હતો. તેમજ પતિએ તારા બીજા પુરુષો સાથે સંબંધ છે, તેમ કહીને મારઝૂડ કરી ત્રાસ ગુજાર્યો હતો. કતારગામ પોલીસ ફરિયાદ નોંધી પો.સ.ઈ. એન.જી. પરમારે તપાસ હાથ ધરી છે.

પલસાણા : કારમાંથી ૨૫ હજારનો દારૂ મળ્યો

સુરત

પલસાણા-બલેશ્વર કાલાઘોડા સામેથી પસાર થતી એક કારમાંથી વિદેશી દારૂની ૫૧ નંગ બોટલો કિંમત રૂા.૨૫૫૦૦ તથા ચાર લાખ રૂપિયાની કાર મળી કુલ રૂા.૪.૨૫ લાખનો મુદ્દામાલ કબજે કરી બે બુટલેગરોને વોન્ટેડ ઘોષિત કર્યા હોવાનો બનાવ પલસાણા પોલીસ મથકે નોંધાયો હતો.

નાની દમણ કુંભાર ફળીયામાં દિલીપભાઈ કામલી રહે છે. દિલીપભાઈ અને તેનો મિત્ર રામુભાઈ પટેલ પોતાની કારમાં વિદેશી દારૂની ૫૧ નંગ બોટલો કિંમત રૂા.૨૫૫૦૦ની લઈને આવતા હતા. આ દરમ્યાન પોલીસે બલેશ્વર ગામના કાલાઘોડા પાસે તેઓની કારને રોકી તપાસ કરી વિદેશી દારૂનો જથ્થો કબજે કરી દિલીપ કામલીની ધરપકડ કરી હતી. પોલીસે ચાલક અને બુટલેગર રામુભાઈ પટેલ અને દારૂનો જથ્થો મંગાવનાર બારડોલીના અશોક પટેલને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે તમામ સામે પ્રોહિબીશન એક્ટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી : કરોડોના જીએસટી ચોરી કોભાંડમાં આઠ આરોપી જેલહવાલે, ચાર આરોપી ગુરુવાર સુધીના રિમાન્ડ પર



આઠ આરોપીના રિમાન્ડ પૂર્ણ થતા જેલ હવાલે

મોરબીમાં કરોડોના જીએસટી ચોરી કોભાંડમાં એસઓજી ટીમે અગાઉ આઠ આરોપીને ઝડપી લીધા બાદ આજે રિમાન્ડ પૂર્ણ થતા આઠ આરોપીને જેલહવાલે કર્યા છે જયારે વધુ ચાર આરોપીને ઝડપી લેવામાં સફળતા મળી છે જેને આજે કોર્ટમાં રજુ કરતા આરોપીઓને ગુરુવાર સુધીના પોલીસ રિમાન્ડ પર સોપવામાં આવ્યા છે

રાજય વેરા અધકારી દ્વારા પોલીસમાં ૧૭ કરોડથી વધુની જીએસટી ચોરીની નોંધાવેલી ફરિયાદ બાદ બોગસ સિરામિક કંપની ઉભી કરી કરોડોની ચોરી કરનાર આરોપીને ઝડપી લેવા જીલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ જે એમ આલની ટીમે તપાસ ચલાવી હતી જેમાં આઠ આરોપીને ઝડપી લઈને કોર્ટમાં રજુ કરતા સોમવાર સુધીના રિમાન્ડ પર સોપવામાં આવ્યા હતા રિમાન્ડ દરમિયાન આરોપીના ઘરની જડતી કરી કોમ્પ્યુટર અને લેપટોપ કબજે લેવાયા છે અને આઠ આરોપીના રિમાન્ડ પૂર્ણ થતા આજે કોર્ટમાં રજુ કરી જેલહવાલે કરવામાં આવ્યા છે. જયારે કરોડોના જીએસટી ચોરી કોભાંડમાં એસઓજી ટીમે વધુ ચાર આરોપીને ઝડપ્યા છે જેમાં મયુર ચતુરભાઈ ઉધરેજા રાવળદેવ (ઉ.વ.૨૭) રહે શનાળા રોડ મોરબી, રવિ પટેલ (ઉ.વ.૨૯) રહે રવાપર રોડ મોરબી, રાકેશ પોપટભાઈ ભાટિયા (ઉ.વ.૩૧) રહે ઓમ પાર્ક રવાપર રોડ મોરબી અને હીરેન્દ્ર ઉર્ફે હિરેન દિનેશભાઈ સાણંદીયા (ઉ.વ.૨૮) રહે વેલકમ પાર્ટી પ્લોટ નજીક મોરબી એમ ચાર આરોપીને ઝડપી લઈને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ગુરુવાર સુધીના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા છે.

૨૧ પક્ષોની અપીલ પર નિર્ણય,ચૂંટણી પરિણામમાં વિલંબ થઇ શકે

દરેક વિધાનસભા ક્ષેત્રના ૫ બૂથો પર EVM-VVPATને સરખાવવા સુપ્રીમનો આદેશ



ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે લોકસભાની ચૂંટણીમાં EVM અને VVPATની સરખામણી પાંચ ગણી વધારી દીધી છે. કોર્ટે ચૂંટણીપંચને લોકસભાની ચૂંટણીમાં દરેક વિધાનસભા ક્ષેત્રમાં એક બૂથ વધારીને પાંચ બૂથોની VVPATની ચિઠ્ઠીઓની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટ કહ્યું કે, તે મતદાતાઓના વિશ્વાસ અને ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનિયતાને ધ્યાનમાં રાખીને VVPATની તપાસના સેમ્પલ વધારી રહ્યાં છે. જ્યારે ચૂંટણી પંચે આ વિશે કહ્યું કે, સુપ્રીમ કોર્ટનો આદેશ સ્વકાર્ય છે અને આયોગ EVMમાં પડેલા મત અને VVPATની સરખામણીને લઈને સુપ્રીમ કોર્ટના આદેશનું ઝડપની અનુપાલન કરશે. અત્યાર સુધી ચૂંટણીપંચ ૪,૧૨૫ EVM-VVPATનો સરખાવતું હતું પરંતુ હવે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ વધીને ૨૦,૬૨૫ EVM-VVPATની સરખામણી થશે. અત્યાર સુધી ચૂંટણીપંચ દરેક વિધાનસભાની ચૂંટણીમાં બેઠકદીઠ એક મતદાન કેન્દ્રમાં અને લોકસભાની ચૂંટણીમાં દરેક વિધાનસભા ક્ષેત્રના એક મતદાન કેન્દ્રની આ પ્રક્રિયાનું પાલન કરતા હતા. પરંતુ કોર્ટના આદેશ બાદ દરેક વિધાનસભા ક્ષેત્રમાં એકની જગ્યાએ પાંચ બૂથો પર EVM-VVPAT સરખાવાશે.

ભાજપનો સંકલ્પ પત્ર પહેલા પાનાથી ચાલુ

ચૂંટણી ઢંઢેરામાં ભાજપે જણાવ્યું છે કે આગામી પાંચ વર્ષમાં દેશમાં ૬૦,૦૦૦ કિમીના હાઈવે બનાવાશે. નેશનલ હાઈવેની લંબાઈને ૨૦૨૨ સુધીમાં બમણી કરાશે. ભારતમાલા પ્રોજકેટના ફેઝ-૧ને પૂરો કરાશે, અને ભારતમાલા ૨.૦ પણ શરુ કરાશે. આ સિવાય ૨૦૨૨ સુધીમાં તમામ રેલવે લાઈનને બ્રોડગેજમાં કન્વર્ટ કરવી અને તેનું ઈલેક્ટ્રિફિકેશન કરવું, વંદે ભારત એક્સપ્રેસને અન્ય સ્થળોએ પણ શરુ કરવી, રેડિકેટેડ ફેઈટ કોરિડોરને ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવા સિવાય રેલવે સ્ટેશનોના આધુનીકિકરણ તેમજ તમામ સ્ટેશનોએ ૨૦૨૨ સુધીમાં વાઈ-ફાઈની સુવિધા અપાશે. દેશમાં હાલ ૧૦૧ એરપોર્ટ છે, જેને આગામી પાંચ વર્ષમાં બમણા કરાશે.

હેલ્થકેર : ૧૦.૭૪ કરોડ કુટુંબોને આયુષ્યમાન ભારત યોજનામાં આવરી લીધા બાદ દેશમાં ૨૦૨૨ સુધીમાં ૧.૫૦ લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલાશે. ૨૦૨૪ સુધીમાં પીપીપી ધોરણે દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ અને ગ્રેજયુએટ મેડિકલ કોલેજ બનાવાશે. ૨૦૨૨ સુધીમાં જ આ પ્રકારની ૭૫ મેડિકલ કોલેજો શરુ કરી દેવાશે. આગામી પાંચ વર્ષમાં એમબીબીએસની ૧૮,૦૦૦ જયારે પીજી મેડિકલની ૧૨,૦૦૦ બેઠકો વધારાશે.

પાયાની સુવિધા : પ્રત્યેક પરિવાર માટે પાકુ મકાન, એલપીજી સિલિન્ડર આપવામાં આવશે. દરેક ઘરોને ૧૦૦ ટકા વિદ્યુતીકરણ કરવામાં આવશે. ૨૦૨૨ સુધીમાં જેટલા પણ રેલના પાટા છે તેને બ્રોડ ગેજમાં પરિવર્તિત કરી દેવામાં આવશે. દરેક રેલ લાઈનને સંપૂર્ણ રીતે વિદ્યુતીકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે, ડિજીટલ લેણ-દેણ વધારવામાં આવશે. સરકારી સેવાઓને ડિજીટલ બનાવવામાં આવશે.

શિક્ષણ : મેનેજમેન્ટ સ્કૂલોમાં સીટોની સંખ્યા વધારવામાં આવશે, એન્જિનિયરિંગમાં અમે એક્સિલન્ટ સંસ્થાઓમાં અને કાયદાકીય કોલેજની સીટમાં પણ વધારો કરવામાં આવશે.

મહિલા : સેનામાં મહિલાઓની ભાગીદારી વધી છે. હવે દરેક ક્ષેત્રો મહિલાઓની ભાગીદારી વધારવામાં આવશે.સંવિધાન સંશોધનના આધારે સંસદ અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપવા માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે.

વેપારી : રાષ્ટ્રીય વેપાર આયોગ બનાવવામાં આવશે જે વેપારીઓ અને બિઝનેસમેનની ચિંતા કરશે. અમે ખેડૂતોની સાથે સાથે લઘુ અને મધ્યમ વર્ગના વેપારીઓની પણ ચિંતા કરીશું. તેથી દુકાનદારોને પણ ૬૦ વર્ષની ઉંમર પછી પેન્શન આપવામાં આવશે. ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતની રેંકમાં વધારે સુધારો કરવામાં આવશે. નિકાસ બમણી કરવામાં આવશે. ઉદ્યોગો માટે વધારે સરળતા ઉભી કરવામાં આવશે.

રાજનાથ સિંહે સંકલ્પ પત્ર જાહેર કરતાં જ કહ્યું કે ૧૨ શ્રેણીમાં તેને વિભાજીત કરાયું હતું. દરેક વિષય માટે એક અલગથી કમિટી પણ બનાવી હતી. વિકાસનું પૈડું ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશની બહાર અને આંતરિક સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે અમે ઘણા પ્રયાસ કર્યા છે.જ્ઞઆ સંકલ્પના નિર્માણમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવાની ભરપૂર કોશિષ કરી છે.

રાજનાથ સિંહે કહ્યું કે ભારતની મન કી બાત જાણવા માટે અમે એક લાંબો કાર્યક્રમ ચલાવ્યો. ૩૦૦ રથ, ૭૭૦૦ મંતવ્ય પેટીઓ, ૧૧૦થી વધુ સંવાદ કાર્યક્રમ, ૪૦૦૦થી વધુ ભારતના મન કી બાતના કાર્યક્રમ કર્યા. સોશિયલ મીડિયા દ્વારા પણ લોકોની મન કી બાત સમજવાની કોશિષ કરી. નિષ્ણાતોની સાથે પણ ટીમના સભ્ય બેઠા. છેલ્લાં પાંચ વર્ષોની ઉપલબ્ધિઓને આધાર માની અમે આ સંકલ્પ પત્ર રજૂ કર્યું છે.

તંત્રી સ્થાનેથી...

ત્રાસવાદ હજુ મજબુત

ઉરી અને પુલવામા ખાતે ત્રાસવાદી હુમલા કરવામાં આવ્યા બાદ ભારત દ્વારા પાકિસ્તાનમાં ઘુસીને બે વખત ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જો કે ત્રાસવાદીઓ હજુ પણ મોટા પાયે સક્રિય રહ્યા છે. વારંવાર હુમલા કરવામાં આવી રહ્યા છે.જે સંકેત આપે છે કે હજુ ત્રાસવાદનો અંત લાવવા માટે ભારે મહેનત કરવી પડશે. પાકિસ્તાન ઉપર વૈશ્વિક દબાણ હોવા છતાં નવી ઈમરાન સરકાર પણ ઉદાસીન દેખાઈ રહી છે. ઈમરાન સરકાર સત્તારૂઢ થઈ હોવા છતાં તેના ઈરાદા પણ અગાઉની સરકારો જેવા જ રહ્યા છે. ત્રાસવાદ પ્રત્યે તેનુ વલણ બદલાયુ નથી. ઈમરાન ખાનના નેતૃત્વમાં નવી સરકાર પણ પાકિસ્તાનમાં સક્રિય ત્રાસવાદીઓ પર મહેરબાન દેખાઈ રહી છે. આજ કારણસર આગામી દિવસોમાં ભારતને વધારે મુશ્કેલી નડી શકે છે. ઈમરાન ખાનની સરકારે હવે ભારતમાં અનેક હુમલા માટે જવાબદાર ખતરનાક ત્રાસવાદી હાફિજ સઈદના સંગઠનોને પ્રતિબંધિત સંગઠનોની યાદીમાંથી દુર કરી લીધા છે. જે સાબિતકરે છે તે ત્રાસવાદને લઈને ગંભીર નથી. તેને ભારત સાથે સંબંધ સુધારીને આગળ વધવામાં પણ કોઈ રસ નથી. ત્રાસવાદના મામલે વિશ્વના દેશોની આંખમાં ધુળ નાંખવાની પ્રક્રિયા પાકિસ્તાને જારી રાખી છે. પાકિસ્તાનના કૃત્યો તમામ દેશોને દેખાઈ રહ્યા હોવા છતાં નક્કર પગલા અમેરિકા સહિતના દેશો દ્વારા લેવામાં આવી રહ્યા નથી.ત્રાસવાદના દુષણના કારણે આજે અમેરિકા, યુરોપના તમામ દેશો અને ભારત ભારે પરેશાન છે પરંતુ આને મક્કમતા સાથે રોકવામાં દશકોથી સફળતા મળી રહી નથી. ત્રાસવાદ પર અંકુશ ન આવવા માટે કેટલાક કારણો તો દેખીતા છે. જે પૈકી એક કારણ તો ત્રાસવાદને પોતાની નીતિ મુજબ ગણવાની બાબત છે. બીજી બાજુ સારા અને ખરાબ ત્રાસવાદને લઈને વિશ્વના દેશો દલીલો કરતા રહ્યા છે. અમેરિકા અને અન્ય દેશો પોતાની સ્વાર્થી નિતીના કારણે ત્રાસવાદને કાબુમાં લઈ શક્યા નથી. જેના પરિણામે હવે તેમની પણ દુનિયામાં ટિકા થઈ રહી છે. ત્રાસ દુષણને રોકવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને લઈને હવે પ્રશ્નો ઉઠવા લાગી ગયા છે. કારણ કે સંયુક્ત રાષ્ટ્રના પછપાતી વલણને હવે વિશ્વના દેશો પણ જાણી ગયા છે. જાણકાર પંડિતો પણ કહે છે કે સંયુક્ત રાષ્ટ્ર માત્ર અમેરિકાના ઈશારે જ ચાલે છે. વિશ્વના અન્ય જે દેશો ત્રાસવાદના શિકાર છે તેમના પ્રત્યે સંયુક્ત રાષ્ટ્રનુ ઉદાસીન વલણ રહ્યુ છે. યુરોપિયન દેશો પ્રત્યે સંયુક્ત રાષ્ટ્ર ગંભીર રહે છે જ્યારે અન્ય દેશો તરફ ધ્યાન અપાતુ નથી. તેના આવા વલણના કારણે જ ત્રાસવાદીઓ તેમના ફેલાવાને વધારી દેવામાં સફળ રહ્યા છે. આઈએસ , લશ્કરે તોયબા અને જેશ જેવા ખતરનાક ત્રાસવાદી સંગઠન તેના વલણના કારણે જ વધુ રક્તપાત સર્જી શક્યા છે. અમેરિકાની એકતરફી રીતે તરફેણ કરવામાં આવી છે. તેના આવા ખતરનાક વલણના કારણે જ ત્રાસવાદ ખતમ થવાના બદલે હવે વધારે ખતરનાક સ્વરૂપમાં છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન સહિતના પાંચ મોટા દેશોમાં જ્યારે પણ કોઈ ત્રાસવાદી હુમલો થાય છે ત્યારે દુનિયાને માથે લઈ લેવામાં આવે છે પરંતુ ભારત સહિતના દેશો જ્યારે ત્રાસવાદનો શિકાર થાય છે ત્યારે તેની તરફ ધ્યાન અપાતુ નથી.

ઈમરાન ખાનની સરકારે ફરી એકવખત દુનિયાના દેશની આંખમાં ધુળ નાંખી દીધી

વધુ ટીવી જોવાથી અનેક રોગ

વધારે સમય સુધી અથવા તો સતત કલાકો સુધી ટીવીને નિહાળવાથી માત્ર આંખને જ નુકસાન નથી બલ્કે કેટલાક રોગ થવાનો પણ ખતરો છે. વધુ સમય સુધી ટીવી જોવાથી ટાઇપ-૨ ડાયાબિટીસ થવાનો પણ ખતરો રહેલો છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી વાત કરવામાં આવી છે. હાર્ડવર્લ્ડ સ્કૂલ ઓફ પલ્બીક હેલ્થ (એચએસપીએચ) દ્વારા કરવામાં આવેલા નવા અભઅયાસમાં સંકેત કરવામાં આવ્યો છે કે લાંબા સમય સુધી ટીવી નિહાળનાર લોકોને ટાઈપ-૨ ડાયાબિટીશ, હાર્ટ સાથે સંબંધિત રોગ થવાનો ખતરો વધી જાય છે. આ ઉપરાંત કમોત થવાનો ખતરો પણ વધી જાય છે. હાર્ડવર્લ્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના અભ્યાસમાં સ્પષ્ટ પણે જણાવી દેવામાં આવ્યું છે કે ટીવી નિહાળવાના સમયમાં ચોક્કસપણે બ્રેક મૂકવામાં આવે તે જરૂરી છે. આનાથી હાર્ટના રોગ થવાનો ખતરો ઘટે છે. એચએસપીએચ ખાતે ન્યૂટ્રીશન અને ઈપીડેમીયોલોજીના પ્રોફેસર ફ્રેન્ક હુએ જણાવ્યું છે કે શારીરિક પ્રવૃત્તિના સ્તરને વધારવાની જરૂર નાથી. જુદી જુદી રીતે વર્તનમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. ખાસ કરીને લાંબા સમય સુધી ટીવી નિહાળવાથી ખતરો વધી જાય છે. ૧૯૭૧થી ૨૦૧૧ વચ્ચેના ગાળામાં તૈયાર કરવામાં આવેલા અભ્યાસના તારણોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. અગાઉના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વધારે સમય સુધી ટીવી નિહાળવાથી ટાઈપ-૨ ડાયાબ્રીટિશ, હાર્ટ સાથે સંબંધિત રોગ અને અન્ય બિમારીઓનો ખતરો વધી જાય છે.

૫૪ ટકા સીઈઓ નરેન્દ્ર મોદીની કામગીરીની પ્રશંસા કરી રહ્યા છે...

ઉદ્યોગ, નરેન્દ્ર મોદી અને જનતા



મોદીની વાતો એકબાજુ આજે પણ મતદારોમાં આશા જગાવે છે તો કેટલાક અર્થશાસ્ત્રી નોટબંધી-જીએસટીને લઈને મોદીથી નાખુશ પણ છે

દેશમાં લોકસભાની ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે ત્યારે કેટલાક મામલે ચર્ચા ચાલી રહી છે. લોકસભાની ચૂંટણી માટે મતદાનના પ્રથમ તબક્કા આડે ગણતરીના દિવસો રહ્યો છે ત્યારે સર્જિકલ સ્ટ્રાઈક, હવાઈ હુમલાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિપક્ષ પર પ્રહારો કરી રહ્યા છે. દેશમાં હાલમાં કેટલાક વિષય પર ચર્ચા છેડાઈ ગઈ છે. જેમાં મુખ્ય ચાર મુદ્દા પર ચર્ચા છે જેમાં ઉદ્યોગ, રાષ્ટ્રવાદ, નરેન્દ્ર મોદી અને પ્રજાનો સમાવેશ થાય છે. એકબાજુ સરકારના દાવા ચૂંટણી પહેલા મતદારોની અંદર નવી આશા જગાવે છે. બીજી બાજુ કેટલાક અર્થશાસ્ત્રી નોટબંધી અને જીએસટીના કારણે સરકારની ઉભી થયેલી નકારાત્મક છાપને લઈને મોદીના કામને નબળા તરીકે ગણે છે. અન્ય એક મહત્વપૂર્ણ બાબત એ ચે કે ૫૪ ટકા સીઈઓ એવા છે જે તેમના કામની પ્રશંસા કરતા રહે છે. તેમના કામથી પ્રભાવિત છે. ભલે સીઈઓ સર્વે મોદી સત્તામાં પરત ફરશે તેવી વાત કરે છે પરંતુ આ બાબતની અવગણના કરી શકાય નહી કે ભારતમાં ચૂટણી જીતની ચાવી જનતાના હાથમાં છે. આ બાબતને નકારી શકાય નહી કે સરકારની કેટલીક ફ્લેગશીપ યોજના અપેક્ષા મુજબની ગતિથી વધી શકી નથી. પરંતુ આની નિષ્ફળતા માટે અધિકારીઓને જવાબદાર ગણી શકાય છે. કારણ કે સમય પર આ યોજના અમલી થઈ શકી નથી. બીજુ કારણ એ છે કે ભાજપ શાસિત રાજ્યોમાં કેટલાક મુખ્યપ્રધાન સારી કામગીરી અદા કરી શક્યા નથી. સીઈઓના એક જુથને લાગે છે કરે જે કામ મોદીએ પોતાની પ્રથમ અવધિમાં કર્યા છે તેના સારા પરિણામ તેમની બીજી અવધિમાં મળવા લાગી જશે. આ સર્વે એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે જ્યારે ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના લોકો મોદી અને નાણાંપ્રધાન અરૂણ જેટલી સામે પહોંચ્યા ત્યારે તેમને લાગ્યુ કે તેઓ ઈન્ડસ્ટ્રીઝની તકલીફથી વાકેફ છે. ભલે આ સર્વે ૨૦૧૯ની ચૂંટણીમાં મોદીની વાપસી માટે મંજુરીની મહોર મારે છે પરંતુ પ્રજા કેટલાક મુદ્દાને લઈને પરેશાન થયેલી છે. આ પરિણામ એવા સમય પર આવ્યા છે જ્યારે જીડીપીના હાલમાં જ જારી કરવામાં આવેલા આંકડા પર ભાજપ સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો કે સ્વતંત્રતા બાદ તેના શાસનકાળમાં સૌથી વધારે પ્રગતિ થઈ છે. યુપીએ દાવો કરે છે કે તેઓ એનડીએ માટે પૂર્ણ અને મજબુત અર્થવ્યવસ્થા મુકીને ગયા હતા. જે પહેલા અવધિમાં ૮.૮૭ ટકા અને મોડેથી ૯.૫ ટકાના દરે વધી હતી. અમને આ બાબત યાદ રાખવાની જરૂર છે કે વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૮ દરમિયાન ગ્લોબલ ઈકોનોમી બુમ કરી રહી હતી. અને મંદીના કારણે જ્યારે બેલુન ફાટી ગયા ત્યારે તમામ દેશો માટે આર્થિક સમસ્યા આવવાની શરૂઆત થઈ ગઈ હતી. હાલમાં જ નીતિ આયોગના ચેરમેન રાજીવ કુમારે દલીલ કરી છે કે વર્ષ ૨૦૦૯-૧૧ અને તે પહેલાના વર્ષમાં ઉચ્ચ વિકાસ દરનો આંકડો બેંકો પાસેથી થયેલી જોરદાર ફંડિગના કારણે આવ્યો હતો. જેના કારણે દેશની અર્થવ્યવસ્થાને પાટાથી ઉતારી દીધી છે. સામાન્ય રીતે જોવામાં આવે તો મોદીના વિજન અને તેમની લીડરશીપમાં હજુ પણ લોકોને આશા દેખાય છે. આ બાબતને નકારી શકાય નહી કે સરકારની કેટલીક ફ્લેગશીપ યોજના સરળ રીતે આગળ વધી શકી નથી. વડાપ્રધાન મોદી કહી રહ્યા છે કે જ્યારે દેશ વર્ષ ૨૦૨૨માં સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ મનાવશે ત્યારે ૫૦ લાખ લોકોને તેમના પોતાના ઘર મળી ચુક્યા હશે. ૯૯ ટકા ગ્રામીણ અને શહેરી ઘર સુધી વીજળી પહોંચી જશે. મોદી મુદ્રા યોજના મારફતે સાત કરોડ લોકોને લોન આપવામાં આવી હોવાની વાત કરી રહ્યા છે સાથે સાથે સાત કરોડ ટોઈલેટ્સ નિર્માણની વાત કરી રહ્યા છે. ૧.૨ લાખ કિલોમીટરના માર્ગ નિર્માણની વાત કરી રહ્યા છે. એકબાજુ આ દાવા સરકારને લઈને આશા જગાવે છે પરંતુ કેટલાક અર્થશાસ્ત્રી નોટબંધી અને જીએસટીને લઈને સરકારને નિષ્ફળ ગણે છે. સીઈઓ દ્વારા એવો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે કે સંરચનાત્મક સુધારાના કારણે નકારાત્મક પ્રભાવની સ્થિતી ખમત થઈ રહી છે. મેન્યુફેક્ચરિંગ અને ગ્રાહક ખર્ચમાં મજબુત સ્થિતી જોવા મળી રહી છે.

નિરવ મોદી, મેહુલ ચોકસી અને અન્યોએ કાયદાકીય રમત રમી

પ્રભાવશાળી લોકો દ્વારા ચેડા જારી



કાયદાની સાથે ચેડા કરવામાં આવે તે પહેલા જ દોષિતો સામે સકંજો મજબુત કરવાની જરૂર : ફરાર થયા બાદ કાર્યવાહી જટિલ બને છે

ભારતમાં મોટા આર્થિક અને અન્ય પ્રકારના કોંભાડ અને અપરાધ કરીને વિદેશ ફરાર થઈ જવાની બાબત ભારત માટે કોઈ નવી નથી. વર્ષોથી ભારતમાં ગુના કર્યા બાદ વિદેશમાં ભાગી જવાની ઘટના બનતી રહી છે. કાયદા સાથે છેડા સતત થતા રહે છે. આર્થિક સહિતના કોઈ પણ પ્રકારના ગંભીર અપરાધ કર્યા બાદ વિદેશમાં એક વખતે ફરાર થઈ ગયા આવા કુખ્યાત અપરાધીઓને ભારતમાં પરત લાવવા માટે ભારે મુશ્કેલીનો સામવો કરવો પડેછે. વર્ષોનિકળી જાય છે. મોટા ભાગે સફળતા મળતી નથી. અને જો મળે છે તો સમય ખુબ વધી જાય છે જેથી તપાસ અને સજા કરવાનો કોઈ અર્થ રહેતો નથી. પ્રભાવ ધરાવનાર આવા લોકો ફરાર થઈ જાય ત્યારે જ કોઈ વિગત ખુલે છે. આવી બાબત પણ ચિંતા ઉપજાવે છે. ક્યારેક એન્ડરસન તો ક્યારેક ઓક્ટાવિયો ક્વાત્રોચી, ક્યારેક લલિત મોદી, ક્યારેક વિજય માલ્યા તો ક્યારેક હિરા કારોબારી નિરવ મોદી અને મહેસુલ ચોકસી હોય છે. આ લોકો ઠંડા કલેજે ભારતમાંથી નિકળી જાય છે અને દેશની સુરક્ષા સંસ્થાઓના હાથમાં આવતા નથી. જે કમનસીબ બાબત છે. ભારતમાંથી નિકળી ગયા બાદ તેમને ભારત લાવવા માટેના પ્રયાસ કરવામાં આવે છે જે ખુબ જટિલ હોય છે. હિરા કારોબારી નીરવ મોદી અને મહેલ ચોકસીએ આ તથ્ય પર મંજુરીની મહોર મારી દીધી છે કે જો પ્રભાવશાળી લોકો આપની પાસે છે અથવા તો આપના ખિસ્સામાં વધારે પૈસા છે તો દેશના કાયદા આપનુ કશુ જ કરી શકવાની સ્થિતીમાં નથી. કેટલા પણ કોંભાડ કરી લો, બેંકોના પૈસા લઈને ખાઈ જાઓ, તો પણ આપનુ કઈ પણ ખરાબ થઈ શકે તેમ નથી. એવુ બની શકે છે કે દેખાડવા પુરતુ સેબી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને નાણાં મંત્રાલય એક બે નોટીસ ફટકારી દે પરંતુ હકીકતમાં કોઈ પગલા લેવાની સ્થિતી નથી. હજારો કરોડ રૂપિયાની લોન લઈને નહી ચુકાવ્યા હોવા છતાં વિજય માલ્યા વિદેશ ફરાર થઈ ગયા હતા. નીરવ મોદી પીએનબી ફ્રોડ બાદ વિદેશ ફરાર થઈ ગયા હતા. નીરવ મોદીએ સાબિતી આપી દીધી છે કે આવા મામલામાં તમામ સરકારોનુ વલણ એક સમાન રહે છે. લલિત મોદી જ્યારે વિદેશ ભાગી ગયા ત્યારે કેન્દ્રમાં મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકાર હતી અને જ્યારે વિજય માલ્યા અને નીરવ મોદી વિદેશમાં ફરાર થઈ ગયા છે ત્યારે કેન્દ્રમાં મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર છે. લલિત મોદીના મામલે ભાજપ દ્વારા આજ સુધી યુપીએ સરકાર પર પ્રહારો કર્યા હતા. ભાજપે એવા આક્ષેપ કર્યા હતા કે યુપીએના શાસનમાં લલિત મોદી વિદેશ ફરાર થઈ ગયા હતા. હવે જ્યારે માલ્યા અને નીરવ મોદી વિદેશ ભાગી ગયા છે ત્યારે કેન્દ્રમાં મોદી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યા છે. હેરાન કરનાર બાબત એ છે કે નીરવ મોદી, લલિત મોદી અને માલ્યા એક દિવસમાં ભાગી ગયા નથી. લાગે છે કે બન્નેને ભાગી જવા માટે પુરતી તક આપવામાં આવી હતી. પરેશાન કરનાર બાબત એ છે કે આટલો હલ્લો થયો હોવા છતાં નીરવ મોદી અને માલ્યાને ભાગી જવાની તક કઈ રીતે મળી ગઈ હતી. નીરવ મોદી, માલ્યાને રોકવાના પ્રયાસ કેમ કરવામાં આવ્યા ન હતા. નીરવ મોદી તો સમગ્ર મામલો ખુલે તે પહેલા જ વિદેશ જતા રહ્યા હતા. જ્યારે ૧૭ બેંકો દ્વારા માલ્યાને વિદેશ જતા રોકવાની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જો કે માલ્યા અરજી કરવામાં આવે તે પહેલાજ ફરાર થઈ ગયા હતા. એટલે કે માલ્યાને આ અંગે માહિતી હતી કે તેમને વિદેશ જતા રોકવામાં આવી શકે છે. જેથી તેઓ પહેલાથી જ ફરાર થઈ ગયા હતા. આ માત્ર નીરવ મોદી, લલિત મોદી અને માલ્યાની વાર્તા નથી. દેશમાં મોદી અને માલ્યા જેવા કેટલાક મોટા નામ હમેંશા સપાટી પર આવતા રહ્યા છે. જે બેંકોના અથવા તો દેશની જનતાના નાણાને લઈને વિદેશ ફરાર થઈ ગયા હતા. અને આજે પણ વિદેશમાં કોઈ જગ્યાએ મૌજ કરી રહ્યા છે. આમાંથી કોઈ ડિફોલ્ટર થઈને કાયદાના સકંજામાંથી ભાગી રહ્યા છે. જ્યારે અન્ય કોઈ વિદેશમાં જઈને કાયદા સાથે રમત રમી રહ્યા છે. બેંક મેનેજમેન્ટ પોતાના પૈસાની વસુલી નહી થવાના કારણે હેરાન પરેશાન છે. પરંતુ વસુલી કઈ રીતે થાય તેનો રસ્તો મળી રહ્યો નથી. દેશમાં પાંચ જાહેર ક્ષેત્રની બેંકોને ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધી તેમના ૪૪ લોકો પાસેથી ચાર લાખ ૮૭ હજાર ૫૨૧ કરોડ રૂપિયા બાકી છે જે મળ્યા નથી. મનમોહનસિંહ સરકાર ૧૦ વર્ષ સુધી સત્તામાં રહી પરંતુ ચિંતા વ્યક્ત કર્યા સિવાય કઈ પણ કરી શકી ન હતી. મોદી સરકાર અને સંબંધિત રાજ્યો પણ અપરાધી દેશની બહાર ફરાર થાય તે પહેલા જ ગુમ રીતે તેમની સામે પૂર્ણ તપાસ કરીને તેમને સકંજામાં લેવામાં આવે તે જરૂરી છે.

૨૩ કરોડ લોકો આવકના ૧૦ ટકા હિસ્સાને સારવાર પર ખર્ચે છે

સારવાર લોકોને ખુબ ભારે પડે છે

વિશ્વ આરોગ્ય સંગઠન ડબલ્યુએચઓ દ્વારા નવો ચોંકાવનારો હેવાલ જારી કર્યો છે. જે દર્શાવે છે કે ભારતીય લોકો આવકના તેમના ૧૦ટકા હિસ્સાને તો સારવાર પર ખર્ચ કરી નાંખે છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાએ માહિતી આપતા કહ્યુ છે કે આવકના ૧૦ ટકા હિસ્સાને ભારતીયો સારવાર પર ખર્ચ કરે છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અડધા ભારતીયની જરૂરી આરોગ્ય સેવા સુધી પહોંચ નથી. જ્યારે એવા લોકો જે આરોગ્ય સેવા પર લાભ ઉઠાવી શકે છે તેવા લોકો પૈકી લોકો તેમની સારવાર પર આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબસાઈટ પર પ્રકાશિત હેવાલમાં કેટલીક નવી વિગત પણ જાહેર કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૧૮ના હેવાલ મુજબ ભારતની વસ્તીના ૧૭.૩ ટકા અથવા તો ૨૩ કરોડ નાગરિકોને વર્ષ ૨૦૦૭-૨૦૧૫ દરમિયાન સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા કરતા વધારે હિસ્સાને ખર્ચ કરવાની ફરજ પડી છે. ભારતમાં સારવાર પર પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરનાર પીડિત લોકોની સંખ્યા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની કુલ વસ્તી કરતા પણ વધારે છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં તેમની ભૂમિકા ઓછી હોય છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકનો ૧૦ ટકાથી વધારે હિસ્સો ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં ટકા શ્રીલંકામાં ૨.૯ ટકા, બ્રિટનમાં ૧.૬ ટકા, અમેરિકામાં ૪.૮ ટકા, ચીનમાં ૧૭.૭ ટકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશની વસ્તીના ૩.૯ ટકા હિસ્સો અટલે કે પાંચ કરોડ ભારતીય પોતાના સ્થાનિક બજેટમાં એક ચતુર્થાશ કરતા વધારે ખર્ચ સારવાર પર કરે છે. જ્યારે શ્રીલંકામાં આવી વસ્તી ૦.૧ ટકા છે. બ્રિટનમાં આવી વસ્તી ૦.૫ ટકાની છે. અમેરિકામાં આવી વસ્તી ૦.૮ ટકાની છે. ચીનમાં ૪.૮ ટકાની છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને ખૂબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં ઘણી મોટી સંખ્યામાં મહિલાઓનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે. પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦ બાળકોનાં મોતનો આંકડો પણ ઓછો નથી. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અન્ય એક અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી એક INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

સમૃદ્ધ = ભારત

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર **ઓટોમેટિક થ્રેશર**
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર સબસીડીપાત્ર ૯ ફૂટ કટર

હાર્વેસ્ટર (ભીની તથા મોકું) (સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર) સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ કટર

ચારણો કરતું **લસણ/ડુંગળીનું કટર** ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/મોકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી) સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો લેઝર લેવલર (ગિયર - ડબલ ટાયર) ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર) હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ફૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર, પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન, બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, ચાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફુબરુ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો — અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.

દેશ-વિદેશનાં લેતા ભાઈ-બહેનો વૈજ્ઞાનિક કોલથી કામ કરાવી શકે છે ૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ **એકવાર ફોન કરો લાભ લો.**

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરઓરીએન્ટેશન જોબ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો, દેશ-વિદેશની એ ટુ ઝેટ ગુપ્ત તમસ્યા, પતિ-પત્નીની સેક્સ્યુઅલ પ્રોબ્લેમ, સંતાનપ્રાપ્તિ, નબળાઈ, કમજોરી, અશાંતિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમો સેક્સોલોજીસ્ટ, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લગ્નપ્રોબ્લેમ, વશીકરણ, ધાર્યું કામ, સ્ત્રી-પુરૂષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-રોગ, ગુપ્ત રોગ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ, ઘરેલું સમસ્યા, મેલીવિદ્યા, મૂઠયોટ, વશીકરણ, શત્રુવિજય તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન, સ્વપ્નદોષ, અંગત સૈકસ સંબંધ, ખોડા વહેમ, આડા તાંબંધ, સ્વપ્ન કે ઈન્દ્રીયો માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે સમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
- તમે અવરી લત પર ચઢી ગયા છો ?
- તમે જીવનની સમસ્યામાં ઘેરાઈ ગયા છો ?
- તમને શત્રુનો ત્રાસ છે ?
- ઘરમાં અશાંતિ છે ?
- બિમારીથી ઘેરાઈ ગયા છો ?
- કર્જ થઈ ગયો છે, વ્યાપાર-ધંધો ચાલતો નથી ?
- પતિ-પત્ની સંતાનથી પીડાઈ રહ્યા છો ?

હજારો ભવિષ્યવાણી સિદ્ધ લાખો કામ સફળ

હસ્તરેખા, જન્માક્ષર, વાસ્તુ,પિરામીડ, રમલશાસ્ત્ર,ફેંગશુઈ,ટેરો,સ્ટોન, ફેસ રીડીંગ સ્પેશ્યાલિસ્ટ

મોબાઇલ, ઇલેકટ્રોનીક, બ્યુટીપાર્લર, કોસ્મેટીક, હોઝયરી,ક્લોથ સ્ટોર, રિયલ એસ્ટેટ, ટ્યુશન ક્લાસ,કેટરીંગ, કરીયાણુ, દવાખાનું, મેડીકલ, અથવા ઓફિસવર્ક,ફેકટરી માં કોઇ પણ સમસ્યા માટે ખાસ અલોકીક વસ્તુ મળશે.

ઘરે બેઠા કામ થશે

નોંધ : નેતા, અભિનેતા, અભિનેત્રીઓ, ટીવી સ્ટાર, ઉદ્યોગપતિ, પ્રતિષ્ઠિત વ્યકિત, ઉચ્ચ ધનાઢય, મધ્યમવર્ગ,લાખો લોકોએ લાભ લીધેલ, જેના લખાણ કે વખાણની જરૂર નથી. મળીને ખાત્રી કરો.

